# BUSINESS મિત્ર

શેરબજારમાં સર્વાંગી વેચવાલી: સ્મોલકેપ-મિડકેપમાં ભારે વેચવાલી રહી, સેન્સેક્સ ૭૮૦ પોઈન્ટ તૂટ્યો

# ભારત પર 500 ટકા ટેરિફના ભયથી શેરબજારમાં કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 8:** ભારતીય શેરબજારોમાં આજે સર્વાંગી વેચવાલી રહેતા ભારે ઘટાડો જોવાયો હતો અને દિવસના નીચલા સ્તરે બંધ રહ્યો હતો. આજે ખાસ કરીને સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં નફાવસુલી હાવી રહી હતી. વિદેશી રોકાણકારોની સતત વેચવાલી, નબળા વૈશ્વિક સંકેતો અને યુએસ તરફથી ભારત પર 500 ટકા ટેરિફના ભયના કારણે રોકાણકારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો અને તેના લીધે નવા જોખમથી દૂર રહેતા જોવા મળ્યા હતા.

નિષ્ણાતો જણાવ્યા અનુસાર, એફઆઈઆઈના સતત વેચાણ, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા અને યુએસ ટેરિફ સાથે સંકળાયેલા આશંકાએ માર્કેટ સેન્ટિમેન્ટને નબળું રાખ્યું હતું. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે કોઈ મજબૂત ટ્રિગરના અભાવને કારણે, બજારમાં મોટાભાગનો ટ્રેડિંગ સ્ટોક-સ્પેસિફિક હતો અને રોકાણકારો આગામી ત્રિમાસિક પરિણામો અને આર્થિક ડેટા પહેલા વેઈટ એન્ડ વોચ મોડમાં દેખાયા હતા.

આજે સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં ભારે કડકો જોવાયો હતો. હિન્દુસ્તાન કોપરમાં 5 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ સિવાય અન્ય શેરોમાં વેચવાલી રહી હતી.

બીએસઈ સેન્સેક્સ 780.18 પોઈન્ટ એટલે કે 0.92 ટકા તૂટીને 84180.96 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85965 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84110 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. જે દિવસના નીચલા સ્તરે બંધ રહ્યો હતો.

નિફ્ટી 25900 પોઈન્ટની નીચલા સ્તરે બંધ રહ્યા હતા. આજે નિફ્ટી 263.90 પોઈન્ટ એટલે કે 1.01 ટકા ઘટીને 25876.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26133 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 25858 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 304.35 પોઈન્ટ એટલે કે 0.51 ટકા ઘટીને 59686.50 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ધ રેમ્કો સિમેન્ટ 27.12 ગણા, ઈકલર્કસ સર્વિસીસ 19.85 ગણા, આલ્કાઈલ એમીનીઝ 19.62 ગણા, આરતી ઈન્ડ. 18.33 ગણા, અને અપોલો હોસ્પિટલ 17.42 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આલ્કાઈલ એમીનીઝ 54.75 ગણા, ટ્રાઈડન્ટ 33.21 ગણા, નીવા બુપા15.68 ગણા, સીગ્નેચર ગ્લોબલ ઈન્ડિયા 14.4 ગણા અને આલોક ઈન્ડ. 10.45 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વેચવાલી હાવી રહેતા નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.99 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.97 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1035 શેરો વધ્યા હતા, જ્યારે 3160 શેરો ઘટ્યા હતા અને 171 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં ભારે વેચવાલીએ નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 3.40 ટકા તૂટયો હતો. જેમાં હિન્દુસ્તાન ઝીંક, જિન્દાલ સ્ટેનલેસ, જિન્દાલ સ્ટીલ, હિન્દુસ્તાન કોપર, નેલ્કો, એનએમડીસી, લોઈડસ મેટલ્સ, હિન્દાલ્કો, વેલસ્પન કોર્પસ અને વેદાન્તા તૂટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફયુચર 143 પોઈન્ટના ઘટાડા સાથે લાલ નિશાનમાં ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. જ્યારે યુરોપિયન બજારોમાં નરમ ચાલી રહ્યા છે. ટ્રમ્પની ગ્રીનલેન્ડને જોડવાની ધમકીની અસર વર્તાઈ હતી. ટ્રમ્પના વધતા ભૌગોલિક રાજકીય તણાવ અને ટિપ્પણીઓ વચ્ચે વોલસ્ટ્રીટ નીચા બંધ થયા પછી એશિયન બજારો પણ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.30 ટકા, કેક 0.24 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે ડેક્સ 0.15 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.33 ટકા, સ્ટ્રેઈટસ 0.18 ટકા, હેંગસેંગ 1.23 ટકા, તાઈવાન 0.25 ટકા અને જકાર્તા 0.22 ટકા અને શાંઘાઈ 0.07 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયો ફરીથી ૯૦ને પાર

કરન્સી બજારમાં રૂપિયામાં સુધારાને બ્રેક વાગી છે, જેમાં રૂપિયામાં નરમાઇ આગળ વધી હતી. જે ફરીથી તૂટીને 90ને પાર નીકળી ગઇ છે. આજે ડોલરની સામે રૂપિયો 14 પૈસા તૂટીને 90.03ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.89ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 104.67, પાઉન્ડ 121.64, કેનેડિયન ડોલર 64.76, ઓસ્ટ્રેલિયન ડોલર 60.31, જાપાનીઝ યેન 0.5744 અને સીંગાપોર ડોલર 70.32ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.02 રૂ. |
| યુરો | 104.67 રૂ. |
| પાઉન્ડ | 121.64 રૂ. |
| યેન | 0.5744 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -780.18 | 84180.96 |
| નિફ્ટી | -263.90 | 25876.85 |
| બેન્ક નિફ્ટી | -304.35 | 59686.50 |

**નિફ્ટી** — ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 0.93 | 283.55 |
| એસબીઆઇ લાઇફ | 0.58 | 2082.90 |
| ICICI બેન્ક | 0.51 | 1435.00 |
| બજાજ ફાઇનાન્સ | 0.33 | 971.95 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 3.68 | 903.95 |
| જિયો ફાઇનાન્સીયલ | 3.28 | 293.55 |
| ઓએનજીસી | 3.20 | 231.42 |
| વિપ્રો | 3.18 | 262.20 |
| લાર્સન-ટુબ્રો | 3.09 | 4028.40 |

**સેન્સેક્સ** — ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 0.91 | 283.50 |
| ICICI બેન્ક | 0.48 | 1435.35 |
| બજાજ ફાઇનાન્સ | 0.29 | 971.80 |
| બીઇએલ | 0.01 | 415.65 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 3.35 | 4028.00 |
| ટેક મહિન્દ્રા | 2.94 | 1577.55 |
| ટીસીએસ | 2.74 | 3204.30 |
| ટીસીએસ | 2.74 | 3204.30 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.25 | 1470.30 |
| ટાટા સ્ટીલ | 1.93 | 180.20 |

સંયુક્ત રાષ્ટ્રનો ભારતની અર્થવ્યવસ્થા પર અહેવાલ

# ટેરિફ વધારા છતાં ભારતની ઈકોનોમી મજબૂત

**અગાઉના** અંદાજમાં ઘટાડો છતાં IMF અને UN ના મતે ભારત 6% થી વધુ વૃદ્ધિ દર હાંસલ કરનાર એકમાત્ર દેશ બનશે

નવી દિલ્હી, તા. 8: સંયુક્ત રાષ્ટ્રએ એક અહેવાલમાં કહ્યું છે કે 2026માં ભારતનો જીડીપી 6.6 ટકાની ઝડપે વધશે, જ્યારે આ સમયગાળા દરમિયાન વૈશ્વિક અર્થવ્યવસ્થાનો વિકાસ દર 2.7 ટકા રહેવાનો અંદાજ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતની અર્થવ્યવસ્થા એવા સમયે ઝડપથી વધી રહી છે જ્યારે વિશ્વની અન્ય મોટી અર્થવ્યવસ્થાઓ વૈશ્વિક અસ્થિરતાનો સામનો કરી રહી છે. અન્ય મોટા બજારોમાં મજબૂત માંગ ભારતને યુએનના ટેરિફ વધારાની અસરને ઘટાડવામાં મદદ કરશે.

યુએનના અહેવાલમાં ભારતની વૃદ્ધિની આગાહી અગાઉના 7.4 ટકાથી ઘટાડી દેવામાં આવી છે, તેમ છતાં તે હજી પણ આઈએમએફની આગાહીને અનુરૂપ છે, જે મુજબ ભારત એકમાત્ર મોટી અર્થવ્યવસ્થા બનશે જે 2025-26માં 6 ટકાથી વધુનો વૃદ્ધિ દર હાંસલ કરશે. યુનાઈટેડ નેશન્સના વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ 2026 રિપોર્ટમાં ધ્યાન દોરવામાં આવ્યું છે કે વિશ્વની અર્થવ્યવસ્થા લાંબા સમય સુધી ધીમી આર્થિક વૃદ્ધિ દરનો સામનો કરી શકે છે, કારણ કે વર્તમાન વૃદ્ધિ વ્યાપક લાભો પહોંચાડવામાં નિષ્ફળ ગઈ છે, ઘણા દેશો, સમુદાયો અને પરિવારોને પાછળ છોડી દીધી છે.

ભૌગોલિક રાજકીય જોખમો, સતત નીતિગત અનિશ્ચિતતા અને નાણાકીય પડકારો વૈશ્વિક આર્થિક દૃષ્ટિકોણને વાદળછાયું બનાવી રહ્યા છે. 2025માં, યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ટેરિફમાં તીવ્ર વધારાએ વ્યવસાયિક વાતાવરણને અસ્થિર કર્યું, પરંતુ વિશ્વનું અર્થતંત્ર અપેક્ષા કરતા વધુ મજબૂત સાબિત થયું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે 2026માં, વૈશ્વિક વૃદ્ધિ ધીમી પડવાની સંભાવના છે કારણ કે નબળા આંતરરાષ્ટ્રીય વેપારને ફક્ત નાણાકીય નીતિ સરળતાથી સતત ટેકો દ્વારા આંશિક રીતે સંતુલિત કરવામાં આવશે.

અહેવાલમાં એ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે કે મોટાભાગની અર્થવ્યવસ્થાઓમાં ફુગાવો નોંધપાત્ર રીતે ઘટ્યો છે, તેમ છતાં વધતો ફુગાવો ઘરોના બજેટ પર દબાણ લાવી રહ્યું છે અને અસમાનતાને વધારી રહ્યું છે. સંઘર્ષો, આબોહવા સંબંધિત આપત્તિઓ, વેપાર વિભાજન અને ભૌગોલિક રાજકીય તણાવ પુરવઠાને ફરીથી વિક્ષેપિત કરવાની ધમકી આપે છે, જે વૈશ્વિક અનિશ્ચિતતાને વધુ તીવ્ર બનાવે છે. આ પહેલા ભારત સરકાર દ્વારા નાણાકીય વર્ષ 2025-26નો પ્રથમ આગોતરો અંદાજ બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા 7.4 ટકાના દરે વૃદ્ધિ પામી શકે છે.

| સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત) | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૯૮૫૦ |
| તેજાબી સોનું | ૧૩૯૭૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૨૮૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૭૦૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૯૮૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૯૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૦૮૦૦ |

| જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)) | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

| તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ) | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

## મુન્દ્રા પોર્ટની સિદ્ધિ: પ્રથમ VLCC જહાજનું સફળ બર્થિંગ



અદાણી ગ્રુપના મુન્દ્રા પોર્ટે ભારતના દરિયાઈ ઇતિહાસમાં નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. પોર્ટે 'માઉન્ટ ન્યૂ રેનોન' નામના ભારતના પ્રથમ વેરી લાર્જ ક્રૂડ કેરિયર (VLCC) નું સફળતાપૂર્વક બર્થિંગ કર્યું છે. 3.3 લાખ ક્યુબિક મીટર ક્ષમતા ધરાવતું આ સંપૂર્ણ લોડેડ જહાજ સીધું જેટી પર સુરક્ષિત રીતે લાંગરનાર મુન્દ્રા દેશનું પ્રથમ બંદર બન્યું છે. આ સિદ્ધિ માટે 25 મીટર ઊંડો બર્થ પોકેટ અને અદ્યતન ફેન્ડર સિસ્ટમ જેવા વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરાયો છે. આ જેટી 489 કિમી લાંબી પાઈપલાઈન દ્વારા બાડમેરની રિફાઈનરી સાથે જોડાયેલી છે, જે ભારતની ઊર્જા સુરક્ષા અને આર્થિક વિકાસને વેગ આપશે. વર્ષ 2024-25માં 200 MMT કાર્ગો હેન્ડલ કરી મુન્દ્રાએ વૈશ્વિક સ્તરે ભારતની સ્થિતિ મજબૂત કરી છે.

# ઓપન ઓફરના નિયમો કડક કરવાની સેબીની વિચારણા

**હસ્તગત** કરનાર કંપની અને પ્રક્રિયામાં સામેલ વ્યક્તિ ઓપન ઓફરની કિંમત કરતા વધુ કિંમતે વાટાઘાટોના સોદામાં ભાગ લઇ શકશે નહીં

**નવી દિલ્હી, તા. 8:** સેબી ઓપન ઓફરના નિયમોને કડક બનાવી શકે છે. તે ટેકઓવર સોદા પર પ્રતિબંધ મૂકી શકે છે જેમાં પ્રમોટર્સને ખુલ્લી ઓફર્સ દ્વારા નિરાશાજનક ઊંચા ભાવે બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવે છે. કાનુની સૂત્રોએ જણાવ્યું હતું કે નિયમનકાર ટેકઓવર કોડમાં ફેરફાર કરી શકે છે. ટેકઓવરના નિયમોમાં છટકબારીઓ દૂર કરવા માટે સેબી આના પર વિચાર કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ટેકઓવરના નિયમોની સમીક્ષા માટે રચાયેલી સમિતિએ પોતાનો રિપોર્ટ આપ્યો છે. ઓપન ઓફર પછી, હસ્તગત કરનાર કંપની અને પ્રક્રિયામાં સામેલ વ્યક્તિઓ ઓપન ઓફરની કિંમત કરતા વધુ કિંમતે વાટાઘાટો કરી શકશે નહીં. આમાં બ્લોક સોદા પણ શામેલ હશે.

સમિતિએ સેબીને હાલના ટેકઓવર નિયમોના નિયમન 8 (10)માં ફેરફાર કરવાની સલાહ આપી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે 2022માં સોદા પછી આની જરૂરિયાત અનુભવાઈ હતી. આ સોદામાં ભારતના સૌથી મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રુપે દિલ્હી સ્થિત મીડિયા હાઉસના પ્રમોટરો પાસેથી શેર ખરીદ્યા હતા. ઓપન ઓફર ટેન્ડર પ્રક્રિયા દ્વારા સંમત થયેલા ભાવ કરતા 25 ટકા વધુ સોદો કરવામાં આવ્યો હતો.

આ કિસ્સામાં, ઓપન ઓફર બંધ થયાના 18 દિવસ પછી પ્રમોટર્સને ચૂકવવામાં આવતી ઊંચી કિંમત વિશેની માહિતી જાહેર કરવામાં આવી હતી. બાદમાં હસ્તગત કરનારી કંપનીએ લઘુમતી શેરધારકો દ્વારા થયેલા નુકસાનની ભરપાઈ કરવી પડી હતી. ઓપન ઓફરમાં તેમના શેર ટેન્ડર કરનારા શેરહોલ્ડરોને શેર દીઠ વધારાના 48.65 રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા.

આ કેસ પછી, સેબીએ ટેન્ડર પ્રક્રિયાનો સમય વર્તમાન 26 અઠવાડિયા વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ સમયગાળા દરમિયાન, જાહેર શેરહોલ્ડરો ઓફર કિંમત અને હસ્તગત કરનાર કંપની દ્વારા ચૂકવવામાં આવતી ઊંચી કિંમત વચ્ચેના તફાવત માટે હકદાર છે. સેબીનો મત હતો કે કિંમતમાં આ તફાવત જાહેર શેરહોલ્ડરો સાથે શેર કરવો જરૂરી છે જેઓ ઓપન ઓફરમાં તેમના શેર ટેન્ડર કરે છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

# ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરાતું અપમાન મોદી કેમ મૌનપણે સહન કર્યા કરે છે?



ટુ ધ પોઇન્ટ ■ સમકિત શાહ ■

કોઈ પણ બે દેશોના વડાઓ મળતા હોય છે ત્યારે તેમાં ઘણી બધી વાતો બનતી હોય છે, જેને જાહેર કરવા જેવી હોતી નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ પાયાની નીતિમાં માનતા નથી. તેઓ વારે ને તહેવારે તેવી વાતો જાહેરમાં કરીને વટાણા વેરી દેતા હોય છે. ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વાર એવી વાતો કહેવાનું શરૂ કર્યું છે જેનાથી મોદી સરકાર અસ્વસ્થ થઈ રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે વડા પ્રધાન મોદીએ તેમને મુલાકાત માટે કહ્યું હતું કે ''સાહેબ, કૃપા કરીને હું તમને મળી શકું છું. મેં હા પાડી કારણ કે મારા તેમની સાથે ખૂબ સારા સંબંધો છે.'' ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદન પર ભારતમાં ચર્ચા ચાલી રહી છે કે શું ભારતના વડા પ્રધાને અમેરિકન રાષ્ટ્રપતિ સાથે આ ભાષામાં વાત કરી હતી? ભારતના મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસે તેના X હેન્ડલ પરથી ટ્રમ્પનો એક વીડિયો પોસ્ટ કર્યો અને લખ્યું કે ''ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા પછી ભારતના વડા પ્રધાન મોદી આમંત્રણ વગર અમેરિકા ગયા હતા. તમને યાદ હશે કે વિશ્વના નેતાઓમાં મોદી એકમાત્ર એવા છે જેમને ડોનાલ્ડ ટ્રમ્પ ગેટ પર આવકારવા આવ્યા ન હતા. હવે મને સમજાયું કે શા માટે?'' ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનથી મોદીનું નાક કપાયું છે, તો પણ ભારતે હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિભાવ આપ્યો નથી.

ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને વડા પ્રધાન મોદી અંગે સતત અપમાનજનક ટિપ્પણીઓ કરી છે. મંગળવારે તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે ભારત પર ઊંચા ટેરિફને લઈને મોદી તેમનાથી નારાજ છે. રવિવારે તેમણે કહ્યું કે મોદી રશિયન તેલ ખરીદી પરના તેમના ગુસ્સાથી વાકેફ છે અને આપણે તેમના પર ખૂબ જ ઝડપથી ટેરિફ વધારી શકીએ છીએ અને તે તેમના માટે ખૂબ જ ખરાબ હશે. આ ટિપ્પણીઓએ શંકા વ્યક્ત કરી હતી કે શું ડોનાલ્ડ ટ્રમ્પ ભારત પ્રત્યે આકરું વલણ જાળવી રાખવા માંગે છે કે વેપાર સોદા સાથે ઝડપથી આગળ વધવા માંગે છે. ડિસેમ્બરમાં રશિયાથી ભારતની તેલ આયાત જૂનમાં ૨૧ લાખ બેરલ પ્રતિ દિવસની ટોચથી ૪૦ ટકા ઘટી ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવી રહી છે, કારણ કે તેઓ વ્લાદિમીર પુતિનના યુદ્ધના મશીનમાં રોકડનો પ્રવાહ રોકવા અને યુક્રેન સંઘર્ષનો અંત લાવવાના પ્રયાસો કરી રહ્યા છે.

કેનેડી સેન્ટર ખાતે હાઉસ રિપબ્લિકન્સ કાર્યક્રમમાં, ટ્રમ્પે અમેરિકન ફાઇટર જેટ અને ટેરિફ વિશે વાત કરતી વખતે વડા પ્રધાન મોદી અને ભારત વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે F-35 મેળવવામાં ઘણો સમય લાગે છે. ભારત અપાચે હેલિકોપ્ટર અંગે મારી પાસે આવ્યું અને કહ્યું, સાહેબ, અમે પાંચ વર્ષથી આની રાહ જોઈ રહ્યા છીએ. અમે હવે તેને બદલી રહ્યા છીએ. ભારતે ૬૮ અપાચે હેલિકોપ્ટરનો ઓર્ડર આપ્યો હતો. વડા પ્રધાન મોદીએ મને પૂછ્યું કે સાહેબ, કૃપા કરીને હું તમને મળી શકું? મેં હા પાડી કારણ કે મારા તેમની સાથે ખૂબ સારા સંબંધો છે. જો કે તેઓ મારાથી એટલા ખુશ નથી કારણ કે તેમને ચૂકવવા પડતા ટેરિફ છે. પરંતુ હવે તેમણે રશિયાથી તેલની આયાત ઘણી હદ સુધી ઘટાડી દીધી છે. ટેરિફને કારણે આપણે વધુ સમૃદ્ધ થઈ રહ્યા છીએ.

જો કે, ભારતીય મીડિયા ટ્રમ્પના દાવાને ખોટો ગણાવી રહ્યું છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક અહેવાલ મુજબ ભારતે અમેરિકા પાસેથી ૬૮ નહીં, પરંતુ ફક્ત ૨૮ અપાચે હેલિકોપ્ટર ખરીદ્યાં હતાં. આમાંથી ૨૨ અપાચે માટેનો સોદો સપ્ટેમ્બર ૨૦૧૫ માં ઓબામા વહીવટના અંતિમ દિવસોમાં થયો હતો, જ્યારે બાકીનાં છ માટેનો સોદો ૨૦૨૦ માં ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન થયો હતો. રવિવારે, એરફોર્સ વનમાં સવાર અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન ટેરિફ અને રશિયાથી ભારત દ્વારા તેલની આયાતમાં ઘટાડો કરવાના પ્રશ્ન પર કહ્યું હતું કે તેઓ મને ખુશ કરવા માંગતા હતા. મોદી મૂળભૂત રીતે ખૂબ જ સારા વ્યક્તિ છે. તેઓ જાણતા હતા કે હું ખુશ નથી અને મને ખુશ કરવું મહત્ત્વપૂર્ણ છે. ગયા વર્ષે ૨૨ એપ્રિલના રોજ ટ્રમ્પે પહેલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સંઘર્ષ અટકાવવાનો દાવો કર્યો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને રોકવાની જાહેરાત સૌ પ્રથમ ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી. ત્યારથી ટ્રમ્પ વારંવાર દાવો કરી રહ્યા છે કે તેમના હસ્તક્ષેપથી લડાઈ બંધ થઈ હતી. આ દાવાઓ ભારત માટે અસ્વસ્થતાભર્યા રહ્યા છે, કારણ કે ભારતની કાશ્મીર મુદ્દા પર કોઈ પણ મધ્યસ્થી સ્વીકારવાની નીતિ નથી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં પોતાનો એક વીડિયો શેર કર્યો અને વડા પ્રધાન મોદી પર અમેરિકા સામે ઝૂકવાનો આરોપ લગાવ્યો હતો. જો કે, કોંગ્રેસ પાર્ટીના સાંસદ અને વરિષ્ઠ નેતા શશિ થરૂરે ભારતના વલણને રાષ્ટ્રીય હિત સાથે જોડ્યું છે. ટ્રમ્પના મોદી પરના નિવેદન વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું કે દરેક દેશ માટે તેનું રાષ્ટ્રીય હિત સર્વોપરી છે. મારા માટે, તે રાષ્ટ્રીય હિતનો અર્થ એ છે કે શક્ય હોય ત્યાં સુધી, આપણે કોઈ મોટો દુશ્મન કે કોઈ મોટી સમસ્યા ઊભી કરવા માંગતા નથી. આપણે દરેક સાથે વાતચીતના માર્ગો ખુલ્લા રાખવા માંગીએ છીએ. મેં ઘણા લેખોમાં આ બહુ-ધ્રુવીય અભિગમને સમર્થન આપ્યું છે. જ્યારે આપણા રશિયા સાથે સારા સંબંધો છે, ચીન સાથે સારા સંબંધો છે, અમેરિકા સાથે સારા સંબંધો છે, ત્યારે આપણે યુરોપ સાથે ખૂલી રહ્યાં છીએ, આફ્રિકામાં નવા સંબંધો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. આપણી સાથે જાપાન, દક્ષિણ કોરિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાઇ દેશો છે. આ બધી બાબતો વિકલ્પો વધારવાની રાજનીતિનો ભાગ છે.

વ્યૂહાત્મક બાબતોના નિષ્ણાત બ્રહ્મા ચેલ્લાનીએ ટ્રમ્પના નિવેદન સાથે અસંમત થઈને લખ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર નરેન્દ્ર મોદીને મારા ખૂબ સારા મિત્ર કહે છે. વાસ્તવમાં, આ વાક્ય રાજદ્વારી નરમાઈનું કામ કરે છે, જ્યારે અમેરિકાએ ભારત પર સૌથી કડક આર્થિક દબાણ લાદ્યું છે, જેમાં ૫૦ ટકા ટેરિફનો પણ સમાવેશ થાય છે. દાયકાઓમાં ભારતે કોઈ પણ સાથી તરફથી આવા દબાણનો સામનો કર્યો નથી. અપાચે હેલિકોપ્ટરની ડિલિવરીમાં વિલંબ વિશે વાત કરતી વખતે ટ્રમ્પે કહ્યું કે મોદીએ તેમને પૂછ્યું કે સાહેબ, શું હું તમને મળી શકું? મોદી ટ્રમ્પ અથવા અન્ય કોઈ નેતાને 'સાહેબ' કહીને બોલાવે તેવી શક્યતા ખૂબ જ ઓછી છે. હકીકતમાં, આ નિવેદન ડોનાલ્ડ ટ્રમ્પની શૈલી સાથે મેળ ખાય છે, કારણ કે તેઓ કોઈ બીજા સાથેની વાતચીત યાદ કરતી વખતે સમાન સૂત્રનો ઉપયોગ કરે છે. આ કોઈ પણ વાતચીતમાં પોતાને શ્રેષ્ઠ બતાવવાની એક રીત છે.

ભારતના ભૂતપૂર્વ વિદેશ સચિવ કંવલ સિબ્બલે લખ્યું કે ફક્ત બાળકો જ આ વાતો માને છે. શરૂઆતમાં, એવી વાર્તા ફેલાવવામાં આવી રહી હતી કે મોદી ટ્રમ્પના ફોન કોલ્સ ઉપાડવાનો ઇનકાર કરી રહ્યા હતા. કેટલાક સારા ઈરાદાવાળા મધ્યસ્થીઓએ બંને વચ્ચે ફોન કોલ્સ ગોઠવવાનો પ્રયાસ કર્યો હતો. પરિણામે ટ્રમ્પે મોદીને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. ટ્રમ્પનાં તથ્યો પણ ખોટાં છે. તેમના ખોટા દાવાથી વિપરીત, ભારતે ૬૮ નહીં, પરંતુ ફક્ત ૨૮ અપાચે હેલિકોપ્ટરનો ઓર્ડર આપ્યો હતો. તેમાંથી ૨૨ની સમયસર ડિલિવરી કરવામાં આવી હતી. ૨૦૨૦ માં ઓર્ડર કરાયેલાં છ હેલિકોપ્ટરની ડિલિવરીમાં વિલંબ થયો હતો. કોઈ પણ સંજોગોમાં, વિલંબ એટલો ગંભીર નહોતો કે વડા પ્રધાન મોદીએ ટ્રમ્પ પાસે ભીખ માંગવી પડે.

ગયા વર્ષે ઓગસ્ટમાં જર્મન અખબાર ફ્રેન્કફર્ટર ઓલ્ગેમાઈન ઝેઈટંગે અહેવાલ આપ્યો હતો કે ટેરિફ અંગેના તણાવ વચ્ચે ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પના ચાર ફોન કોલ્સને અવગણ્યા હતા. જાપાની અખબાર નિક્કી એશિયાએ પણ એક અહેવાલમાં આવો જ દાવો કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પનાં સતત નિવેદનો પરથી લાગે છે કે મોદી અને ટ્રમ્પ વચ્ચે એવું કાંઈક બન્યું છે, જેને મોદી ભૂલી જવા માગે છે, પણ ટ્રમ્પ તેમને તે વાત વારંવાર યાદ કરાવ્યા કરે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં પોતાનો એક વીડિયો શેર કર્યો અને વડા પ્રધાન મોદી પર અમેરિકા સામે ઝૂકવાનો આરોપ લગાવ્યો હતો**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**કોઈપણ કંપનીમાં**
મેડિકલેઈમ લેવા પોર્ટ કરવા નવો લેવા મેડિકલેઈમમાં કોઈપણ ઉમર સુધી ઓપ્શન અવેલેબલ કોઈ પ્રોબ્લેમ હોઈ, ક્લેઈમ રિજેક્ટ થયેલ છે, ક્લેઈમ પ્રોસેસ કરવાનો છે, ક્લેઈમ અટકેલો છે, ક્લેઈમમાં કાપકૂપનો કોઈ પ્રશ્ન છે, તો સંપર્ક કરો. 707, 7th Floor કાશી પ્લાઝા બિલ્ડીંગ જલારામ ખીચડીની ઉપર મજુરાગેટ સુરત. (આશોક પારેખ) 9825016121

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

નોકરી વિષયક

**રોડ અને રસ્તાના**
કામ માટે અનુભવી અને ફ્રેશર સિવિલ એન્જિનિયર જોઈએ છે, 9979200044

**''રામજી ફાર્મ & બેન્કવેટ હોલ''**
મેરેજ, બર્થડે પાર્ટી, રિસેપ્શન, ડીજે, માટે સંપર્ક કરો. ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ, રાંદેર રોડ, સુરત. વધુ જાણકારી માટે ડાયરેક્ટ ફોન કરો.
9913448822

**જોઈએ છે**
(૧) રીસેપ્શનીષ્ટ (૨) પટાવાળા (૩) ટેક્ષેસન ક્લાર્ક સીએ કિશોરભાઈ આર. ઘીવાળા ૨/૧૪૧૭-૧૮, હનુમાન શેરી, સગરામપુરા, સુરત (742)

**કાંટાતાર કંપાઉન્ડ**
કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર ઍંગલ મારી તાર મારી આપવામાં આવશે.
સંપર્ક: 9924337821

મિલ્કત વેચવાની છે

**નવસારીમાં**
2 BHK ફ્લેટ વેચવાનો છે એરૂ ચાર રસ્તા પાસે, એગ્રીકલચર કોલેજની સામે Contact:- 9427633341

**ફ્લેટ વેચવાનો**
દસ્તાવેજ ફાઈનલ ૧૧ લાખ બીજો માળ અનાવિલ શેરી સગરામપુરા 8488968543

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ઓમશિવ ટ્રાવેલ્સ**
12 જાન્યુઆરી ( દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) 17 જાન્યુઆરી, ખાટુંશ્યામ, સાંવરીયાશેઠ, સાલાસર બાલાજી, શ્રીનાથજી, પુષ્કર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
દક્ષિણ ભારત રામેશ્વર કન્યાકુમારી ઊટી તા 10/03/26 દિ 12 રોયલ કાશ્મીર સાથે વૈષ્ણોદેવી તા 16/3/26 દિ 12 જગન્નાથપુરી સાથે કામાખ્યામાતા તા 16/03/26 દિ 10 સ્પેશિયલ કેરેલા તા 25/02/26 ઉત્તરાખંડ ચારધામ બદ્રીનાથ કેદારનાથ ગંગોત્રી યમ્નોત્રી તા 21/4 અને 03/5/26 દિ 15 દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત બુકિંગ ચાલુ છે બ્રેકફાસ્ટ લંચ ડિનર સાથે મળો દીપકભાઈ બોડીવાલા M 9825144143 ન્યુ રાંદેર રોડ, ચોક્સીવાડી પાસે, સુરત (732)

**રામદૂત ટ્રાવેલ્સ**
૨X૨ સ્લીપર તા- ૨૬/૧ - દક્ષિણભારત જ્યોતિલીંગ કેરલા અષ્ટવિનાયક દિવસ ૨૮- ૮૧૪૦૧૩૬૨૫૫ (741)

**ઉત્તરાયણમાં**
પ્રયાગરાજ કુંભસ્નાન અયોધ્યા બનારસ 12501/- શનિ, રવી દ્વારકા સોમનાથ સારંગપુર, (સેલવાસ, ખાનવેલ, દમણ, 9427113317

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.